# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **રાજ્યમાં ખરીફ પાકમાં ચાલુ વર્ષે કપાસ અને મગફળી પાકનું સૌથી વધુ વાવેતર.**
2. **રાજ્યમાં અકસ્માતો ઘટાડવા વૈજ્ઞાનિક ગતિ વ્યવસ્થાપન નીતિ વિકસાવાશે.**
3. **રાજ્યમાં આ વર્ષે ST નિગમ દ્વારા બે હજારથી વધુ બસોની સેવા શરૂ કરાશે.**
4. **જમ્મુ - કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું, તેમના રાજ્યના પ્રવાસન ક્ષેત્રમાં ગુજરાતીઓનો મહત્વનો ફાળો**
5. **ફિલિપાઈન્સમાં યોજાયેલી 36મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમાં રાજકોટના રૂદ્ર પેથાણીએ સુવર્ણ ચંદ્રક જીત્યો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KHARIF PAK VAVETAR

રાજ્યમાં ચાલુ વર્ષે કપાસ અને મગફળી પાકનું સૌથી વધુ 20-20 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થયું છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ કે , ગત વર્ષની સરખામણીએ તેલીબીયા પાકોના વાવેતર વિસ્તારમાં એક લાખ હેકટરથી વધુ વિસ્તારનો વધારો થયો છે. શ્રી પટેલે ઉમેર્યું કે 9 લાખ 79 હજાર હેક્ટરમાં ધાન્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે.

## (બાઇટ: રાઘવજી પટેલ- કૃષિ મંત્રી)

---

# SPEED MANAGEMENT POLICY

રાજ્યમાં વૈજ્ઞાનિક ગતિ વ્યવસ્થાપન નીતિ વિકસાવાશે. IIT ખડગપુર, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર- CEE અને રોડ સેફ્ટી નેટવર્કના ટેકનિકલ કુશળતા પર આધારિત આ નીતિ વિકસાવવામાં આવશે.

CEE અમદાવાદ દ્વારા આયોજિત ગતિ વ્યવસ્થાપન માર્ગદર્શિકા પર ઉચ્ચસ્તરીય ગતિ બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, જેમાં સરકાર, અમલીકરણ, શિક્ષણ અને નાગરિક સમાજના મુખ્ય હિસ્સેદારોને હાજર રહ્યા હતા. સભાને સંબોધતા, ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળના કમિશનર સતીશ પટેલે ભાર મૂક્યો હતો કે રાજ્યમાં 65 ટકાથી વધુ માર્ગ અકસ્માત મૃત્યુમાં ગતિ મહત્વનો ભાગ ભજવે છે.

---

# NIGERIA FOREIGN MINISTER VISIT

નાઈજીરીયાના પૂર્વ વિદેશ મંત્રી જ્યોફ્રી ઓન્યામાએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારત રેપિડ ઇકોનોમિક ગ્રોથ અને ટેકનોલોજીકલ પ્રોગ્રેસમાં અગ્રેસર છે. તેમણે નાઈજીરીયાના વિકાસમાં ત્યાં વસતા ગુજરાતી સમુદાયોના મહત્વપૂર્ણ યોગદાનની પ્રશંસા કરી હતી.

ગઇકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લેતા શ્રી ઓન્યામાએ આ મુજબ જણાવ્યું હતું. વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ દર્શન કાર્યક્રમ અંતર્ગત ભારતની મુલાકાત દરમિયાન તેઓએ ગઇકાલે ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ મુખ્યમંત્રીને પણ મળ્યા હતા, આજે તેઓ **NFSU** તથા **GTU**ની મુલાકાત લેશે.

---

# HARSH SANGHVI BUS SEWA

રાજ્યમાં આ વર્ષે એસ.ટી.નિગમ દ્વારા **2** હજાર **63** બસો મુસોફરોના પરિવહન માટે સેવામાં મુકાશે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, **52** કરોડ રૂપિયાથી વધુના ખર્ચે **151** સુપર એક્સપ્રેસ બસો જનસેવામાં મૂકવામાં આવી છે. નાગરિકોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળી રહે તે માટે આ બસો રાજ્યના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

**(બાઇટ: હર્ષ સંઘવી, વાહનવ્યવહાર મંત્રી)**

---

# OMAR ABDULLAH GUJARAT

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જણાવ્યુ , જમ્મુ અને કાશ્મીરના પ્રવાસન ક્ષેત્રમાં ગુજરાતીઓનો મહત્વનો ફાળો છે. રાજ્યની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી અબ્દુલ્લાએ આ મુજબ જણાવ્યુ હતું.

## (બાઇટ : ઓમર અબ્દુલ્લા, મુખ્યમંત્રી)

અગાઉ શ્રી અબ્દુલ્લાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી. તેઓ આજે એકતાનગરમાં સ્ટેચ્યું ઓફ યુનિટીની મુલાકાત પણ લેશે આજે અમદાવાદમાં જમ્મુ કાશ્મીરના પ્રવાસન અંગે એક પ્રેસ કોન્ફરન્સ યોજશે.

---

# TERRORIST REMAND

પ્રતિબંધિત આતંકી સંગઠન સાથે સંકળાયેલી મહિલાના ગ્રામ્ય અદાલતે 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ગુજરાત આતંકવાદ વિરોધી દળ -ATS એ આ મહિલાની બેંગલોરથી ધરપકડ કરી હતી.

સોશિયલ મીડિયાના માધ્યમથી આ મહિલા આતંકી સંગઠનની વિચારધારાનો પ્રચાર કરી રહી હતી. જેના પાકિસ્તાની સંપર્ક પણ મળી આવ્યા છે.

---

# SOU E-BUS SEWA

સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તામંડળ દ્વારા 19 ગામના 250થી વધુ વિદ્યાર્થીઓ માટે ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી છે. પ્રારંભિક દિવસે 180થી વધુ વિદ્યાર્થીઓએ આ

સેવાનો લાભ લીધો હતો. આ પહેલ અંતર્ગત દરરોજ સવારે 9થી 10:30 અને સાંજે 4:30 થી 6 દરમિયાન એસી ઈ-બસ સેવા આપવામાં આવશે. કુલ 5 ઈલેક્ટ્રિક બસોની ફાળવણી કરાઈ છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખી દરેક બસમાં તાલીમપ્રાપ્ત ગાઇડ અને મહિલા પોલીસ જવાનની નિમણૂક પણ કરવામાં આવી છે.

આ અંગે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શના દેશમુખે જણાવ્યું કે, આ પહેલથી વિદ્યાર્થીઓ શાળાએ સમયસર પહોંચશે, અભ્યાસમાં નિયમિતતા આવશે અને તેમના સમયમાં ઉત્તમ ઉપયોગ થવાથી એકાગ્રતા પણ વધશે.

**(બાઇટ: ડો.દર્શના દેશમુખ, ધારાસભ્ય)**

---

# OLYMPIAD

ફિલિપાઈન્સનાં ક્વિઝોન સીટી ખાતે યોજાયેલી 36મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમાં રાજકોટ જિલ્લાના ધોરાજીનાં રૂદ્ર પેથાણીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સિદ્ધિ સાથે રુદ્રએ આંતરરાષ્ટ્રીય જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ -2023, આંતરરાષ્ટ્રીય અર્થ સાયન્સ ઓલિમ્પિયાડ - 2024, આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ – 2025માં ચંદ્રક સાથે સુવર્ણ ચંદ્રકની હેટ્રિક કરી છે ,જે તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વિજ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે 36મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ-2025 જીવવિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટેની એક પ્રતિષ્ઠિત વૈશ્વિક સ્પર્ધા છે. જેનો મુખ્ય હેતુ યુવા પ્રતિભાઓને જીવવિજ્ઞાનમાં રસ લેવા પ્રોત્સાહિત કરવાનો ,આંતરરાષ્ટ્રીય

**સ્તરે જૈવિક જ્ઞાન અને કૌશલ્યોનું પ્રદર્શન કરવાનો , અને જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં ભવિષ્યના વૈજ્ઞાનિકો અને સંશોધકોને પ્રોત્સાહન આપવાનો છે.**

---

## WEATHER FORECAST

**રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. છેલ્લા 24 કલાકમાં માત્ર 27 તાલુકામાં સામાન્ય વરસાદ પડ્યો છે. આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ દાહોદ સહિત ઉત્તર અને મધ્યપૂર્વ ગુજરાતમાં સામાન્ય વરસાદની આગાહી છે. આગામી દિવસોમાં પણ વરસાદની શક્યતા ઓછી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યુ હતું.**

**(બાઇટ: ડો.એકે દાસ, નિયામક, હવામાન વિભાગ)**

---

## AHMEDABAD – AI JUNCTION

**અમદાવાદ સ્માર્ટ સિટી અંતર્ગત "સેફ એન્ડ સિક્યોર " પ્રોજેક્ટને વધુ વેગ આપવા 100 નવા જંકશને AI આધારિત સુરક્ષા વ્યવસ્થા ઊભી કરાશે. ત્યારે આ પૈકી 16 જંકશન પર કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.**

**આ સુવિધાથી રસ્તાં પરનાં ખાડા , દબાણો, વરસાદી પાણીનો ભરાવો , તૂટેલી ફૂટપાથ વગેરે જેવી બાબતો ઓટોમેટીક આઇડેન્ટીફાઇ કરીને તેનું નિવારણ લાવી શકાય તે મુજબની વ્યવસ્થા કરાશે.**

આ કામગીરી અંતર્ગત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષે કોમર્સ છ રસ્તા ખાતે સીસીટીવી પોલ પર કેમેરા ઇન્સ્ટોલેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

---

# GIR SOMNATH ILLEGAL MINING

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં કોઈપણ પ્રકારની લીઝ મંજૂરી વગર લાઇમ સ્ટોનનું ગેરકાયદેસર ખનન ઝડપાયું છે.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે ગીર ગઢડા તાલુકાનાં આંકોલાળી ગામે ગૌચરમાં થતાં લાઇમ સ્ટોનનાં ખનન અંગે મળેલ બાતમી આધારે મામલતદાર કચેરીની ટીમ દ્વારા સ્થળ તપાસ કરતાં સ્થળે કોઈ પણ પ્રકારની લીઝ મંજૂરી વગર લાઇમ સ્ટોનનું ખનન થયેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. અને આ સ્થળે હાજર ભાવેશ વીરાભાઇ નામનાં વ્યકિતની પૂછપરછ કરતાં તેઓ આ જગ્યાએથી લાઇમ સ્ટોનનું ખનન કરતાં હોવાનું સ્વીકાર્યું હતું. જેથી ટીમે નિવેદન લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

# PATAN PLANTATION

પાટણ જિલ્લામાં તાજેતરમાં થયેલ સારા વરસાદને પગલે ખરીફ પાકોનું વાવેતર વધવા પામ્યું છે.

પાટણ જિલ્લાના અમારા પતિનિધિ રમેશ સોલંકી પાટણ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીના અહેવાલને ટાંકીને જણાવે છે કે , જિલ્લામાં અત્યાર સુધીમાં

**કુલ એક લાખ 36 હજાર 697 હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થવા પામ્યું છે.**

**કુલ વાવેતર વિસ્તાર પૈકી 63 હજાર 760 હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર, 18 હજાર 928 હેક્ટરમાં પિયત કપાસ અને 9 હજાર 600 હેક્ટરમાં બિનપિયત કપાસ નું વાવેતર થયું છે.**

**આ ઉપરાંત જિલ્લામાં 20 હજાર 320 હેક્ટરમાં અડદ, 3 હજાર 574 હેક્ટરમાં તુવેર, 3 હજાર 120 હેક્ટરમાં ગુવાર, 8 હજાર 260 હેક્ટરમાં દિવેલા, 2 હજાર 245 હેક્ટરમાં મગફળી, 2 હજાર 258 હેક્ટરમાં મગ, એક હજાર 948 હેક્ટરમાં બાજરી, 877 હેક્ટરમાં તલ તેમજ 690 હેક્ટરમાં મઠનું વાવેતર અને 1088 હેક્ટરમાં શાકભાજીનું વાવેતર થવા પામ્યું છે.**

---